P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૧-૨૨/ No 0106 તા.

રજી. એ.ડી. દ્વારા

30 NOV 2021

પ્રતિશ્રી,

જાડેજા લાધુભા રાણુભા,

પ્લોટ નં.૨૯૨-બી, વોર્ડ ૬-એ,

હરિઓમ શાંતિ સોસાયટી, આદિપુર-૩૭૦૨૦૫

મોબાઇલ નંબર:- ૯૪૨૯૧૨૪૨૬૦)

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૪/૨૦૨૧-૨૨

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૪/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એમ.જે.ભાભોર)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, અંજાર

(3) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, મેઘપર(બો)

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ—કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧/ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-004-2021-22

**લધુભા રાણુભા જાડેજા**
ગામ: પ્લોટ નં.૨૯૨/બી, વોર્ડ નં.૬/એ,
હરીઓમ શાંતી સોસાયટી,
આદિપુર – કચ્છ. .............અરજદાર.

**વિરુધ્ધ.**

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
અંજાર– કચ્છ. ...........**સામાવાળા.**

**બાબત:**– સેવામાં ખામી અંગે....

**અરજદાર તરફે** :– જાતે
**સામાવાળાના તરફે** :– શ્રી જે.એમ.કષ્ટા
કાર્યપાલક ઈજનેર, અંજાર

**કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૨૪/૦૯/૨૦૨૧

# ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદારે મેઘપર બોરેચી મધ્યે પલોટ નં.૨૮૮ સર્વે નં. ૧૭૫ માં મકાન ખરીદ કરેલ જે મકાન ફરીયાદીએ લાંબા સમય એટલે કે તા.૮–૧૧–૨૦૧૬ ના અન્યને વેચી નાખેલ છે અને જેના નામ ફેર અન્વયેની રકમ પણ રૂા ૯૯૭/– સામાવાળા સમક્ષ ભરપાઈ કરેલ છે જેમાં ફરીયાદીના જુના ગ્રાહક નં. ૩૮૩૦૪/૦૪૧૦૫/૭ હતા સદર વિજ કનેકશનની ભરપાઈ કરેલ ડીપોઝીટની રકમ પરત સામાવાળા તરફે પરત નહી આપતા સામાવાળાની સેવામાં ખામી સબબ હાલની ફરીયાદ મારફતે દાદ માંગવામાં આવેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે, ગ્રાહક નં. ૩૮૩૦૪/૦૪૧૦૫/૭ નું નામ બદલી થતાં ભરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા ૯૯૭/– પરત આપેલ ન હોવાની ફરીયાદ મળતા જે અંગેના આધરો ચેક કરતા તા.૧૧–૧૨–૨૦૧૬ ના સામાવાળાની કચેરીના રેકર્ડ મુજબ નામ બદલી થયેલ જે અંગે જુના ગ્રાહકે ડીપોટની રકમ પરત મળવા અરજી કરવાની જગ્યાએ હાલની ફરીયાદ દાખલ કરેલ અને જે અંગેની વિગતવાર રજુઆત મળ્યા બાદ અરજદારનો સંપર્ક કરી જરૂરી આધારો અને અરજી લઈ ત્વરીત કાર્યવાહી કરી ચેક નં. ૫૩૯૫૯૭ તા.૨૦–૯–૨૦૨૧ થી અરજદારને ચુકવણું કરવામાં આવેલ હોઈ અરજદારે હવે સદર બાબતે કોઈ ફરીયાદ નથી તેવી પુરસીસ ભરી આપેલ હોઈ અરજદારની અરજી મુજબ સંતોષકારક નિવારણ કરી આપવામાં આવેલ હોઈ સામાવાળાની સેવામાં કોઈ ખામી નથી.

૩. અરજદારને તા.૨૪–૯–૨૦૨૧ ના રોજ ફોરમ સમક્ષ હાજર રહેવા નોટીસ મારફતે જાણ કરવામાં આવેલ તેમ છતા અરજદાર જાતે હાજર રહેલ નથી. સામાવાળાની રજુઆત જોતા અરજદારની માંગણી મુજબ ચેક નં. ૫૩૯૫૯૭ તા.૨૦–૯–૨૦૨૧ થી અરજદારને ચુકવણું કરવામાં આવેલ હોઈ અરજદારે હવે સદર બાબતે કોઈ ફરીયાદ નથી તેવી પુરસીસ ભરી આપેલ છે જેની નકલ રજુ રાખેલ છે જે જોતા તેમાં સદર ફરીયાદ પરત ખેંચવા લેખીતમાં જણાવેલ છે તેમજ હવે સદર અર બાબતે કોઈ રજુઆત કરવાની રહેતી નથી અને સદર અરજી બાબતે ભવિષ્યમાં પણ માર કોઈપણ જગ્યાએ રજુઆત માન્ય રહેશે નહી જેથી ફોરમ કમિટીના નિર્ણયપત્રની મારે કોઈ જ જરૂરીયાત નથી જે બદલ સંપુર્ણપણે રાજીખંશીથી પુરા હોંશ હવાશમાં જણાવી નીચે અરજદારે સહી કરેલ છે તેમજ અરજદારે ફોરમ સમક્ષ પણ લેખીતમાં પત્ર મારફતે તા.૧૪–૯–૨૦૨૧ ના સામાવાળા અંજાર ગ્રામ્ય કચેરીના શ્રી ગઢવી સાહેબે સંતોષકારક નિવારણ કરી આપેલ છે જે સંતોષ બદલ આભાર વ્યક્ત કરેલ

છે જે મુજબ અરજદારની સદર ફરીયાદ બાબતે હવે અરજદારને કોઈ તકરાર ન હોઈ તેમજ સામાવાળાની સેવામાં કોઈ ખામી જણાતી ન હોઈ આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## —: હુકમ :—

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને તેની માંગણી મુજબની રકમ મળી ગયેલ હોઈ અરજદારની સંમતી પત્રક મુજબ તેમજ લેખીત રજુઆત મુજબ સદર ફરીયાદ બાબતે કોઈ તકરાર ન હોઈ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

***ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ—કચ્છ.***

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – 30 માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯